

# પ્રકરણ ૧૯

# સાથે જમીએ

P6H4K1

## વર્ગમાં ઉજાણી

વૅકેશન પૂરું થયું. આજે શાળા શરૂ થઈ. રજાઓમાં કેવી મજા કરી ? સહુ વાતો કરે છે.

મીના : તારા હાથમાં મહેંદી કેમ મૂકી છે ?

આરતી : મારા કાકાના લગ્ન હતાં એટલે ...

મીના : અરે ખૂબ જ મજા આવી હશે ...

આરતી : હા, મજા જ મજા ... સાથે જમવાની પણ મજા.

રેહાના : આપણે આપણા વર્ગમાં પણ સાથે જમીએ તો ?

ડેવિડ : મજા આવશે. ચાલો એમ જ કરીએ.

સહુએ વર્ગમાં ઉજાણી (party-પાર્ટી) કરવાનું નક્કી કર્યું. બધાં બાળકો ઘરેથી શું-શું લાવશે એ કહેવા લાગ્યાં. બધાંએ વસ્તુઓ લાવી શનિવારે ખરેખર ઉજાણી કરી. જાત-જાતનું ખાવાનું મળ્યું. બધાં સાથે રમ્યાં, ગીતો ગાયાં અને નાચ્યાં.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારી નોટબુકમાં લખો :

- તમને બીજાં સાથે જમવું ગમે છે ?
- કયા પ્રસંગ (occasion-ઑકેઝન) માં તમે તમારા મિત્રો સાથે જમો છો ?
- તમે તમારા વર્ગમાં ક્યારેય ઉજાણી કરી છે ? ક્યારે ? તમે ઉજાણી કઈ રીતે કરી ?
- તમે અને તમારા મિત્રો ઉજાણી માટે શું-શું લાવ્યા હતા ?
- તમે બધાં શું જમ્યાં હતાં ?
- તમે તમારી ઉજાણી માટે કોને આમંત્રણ આપ્યું ?
- ઉજાણીમાં કોણ ન આવ્યું ? શા માટે ?

## ઉત્તરાયણ ઊજવીએ

પિન્કી વહેલી સવારે ઊઠી. તેના મિત્રો સેજલ, આયુષ, તનવીર, ફાતિમા અને ઈકબાલને પોતાના ઘરે બોલાવવા દોડી. આજે ઉત્તરાયણ છે. સહુ આનંદમાં હતાં.



ઉત્તરાયણ ઊજવવા તેમણે ખાસ તૈયારી કરી હતી. તેઓ ઉત્તરાયણ કેવી રીતે ઉજવશે ? ચાલો વાંચીએ.

તેઓ ખૂબ વહેલાં ઊઠ્યાં હતાં. તેમના મોટાભાઈઓએ અગાઉથી જ પતંગની કિન્ના બાંધી રાખી છે. પિન્કીના દાદીએ તલના લાડુ અને સીંગની ચિક્કી બનાવી છે.

સેજલ તેના ઘરેથી મમરાના ગળ્યા લાડુ લાવી. તનવીર પોતાની વાડીએથી બોર લાવ્યો. આયુષની મમ્મી તાજાં બોર આપી ગઈ.

રસોડામાં પિન્કીની મમ્મી ઊંધિયું બનાવવાની તૈયારી કરે છે. ઊંધિયું બનાવવા શું-શું જોઈએ, ખબર છે તમને ? ગવાર, વાલોળ અને રીંગણ. બટાટા અને ટામેટાં પણ ખરાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કેપ્સિકમ (શિમલા મરચાં), લીલાં ધાણા અને આદું જેવા મસાલા પણ જોઈએ. શક્કરિયાં, સૂરણ અને રતાળુ વગર તો ઊંધિયાની મજા જ નહિ. મમ્મીએ મેથીની ભાજીના વડાં પણ તેમાં ઉમેર્યાં. ઇકબાલ તો આટલું બધું જોઈ અચરજ પામ્યો.

દાદીમા ગરમા ગરમ જલેબી ઉતારતાં હતાં. સહુએ ખાવાનું શરૂ કર્યું.


સહુ હવે પતંગ ચગાવવા અગાસી (terrace-ટેરેસ) એ ગયાં. કોઈએ પતંગ ચગાવ્યો તો કોઈએ ફીરકી પકડી.

એ કાપ્યો ... એ ગયો ... એવી બૂમો પાડતાં - પાડતાં ગીતો પણ ગાયાં.

આખો દિવસ સહુ સૂરજના તડકામાં રહ્યાં. ઉત્તરાયણની ખૂબ મજા કરી.

### ચાલો વાત કરીએ :

- ઉત્તરાયણ ક્યારે ઊજવવામાં આવે છે ?
- બધા જ ધર્મ (religion-રિલિજન)ના લોકો ઉત્તરાયણ ઊજવે છે. તે તમે જાણો છો ?
- ચિક્કી અને તલના લાડુ કેવી રીતે બને છે ?
- તમારા ઘરે ઊંધિયું ઘરે બનાવો છો કે બહારથી લાવો છો ?
- ઊંધિયું બનાવવા અગાઉથી શું શું તૈયારી કરવી પડે ?



### શોધી કાઢો અને કહો :

- ગામમાં કેટલા લોકોએ ઉત્તરાયણના દિવસે ઊંધિયું બનાવ્યું હશે ? અનુમાન કરો.
- તમે રાત્રે પણ ઉત્તરાયણ ઉજવાતી જોઈ છે ? તમને તે પસંદ આવ્યું ?
- તમારા મિત્રો કયા-કયા તહેવાર ઊજવે છે ?
- તે દિવસે તેઓ શું-શું જમે છે ?
- તહેવાર માટે ખાસ પ્રકારનો ખોરાક કોણ બનાવે છે ?
- તમે અમુક તહેવારોમાં ખાસ પ્રકારનાં કે રંગનાં કપડાં પહેરો છો ?
- ઉત્તરાયણ બીજા કયા નામથી ઓળખાય છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મધ્યાહ્ન ભોજન (Mid-day Meal-મિડ-ડે મીલ)

T6Y8Z6

બપોરનો દોઢ વાગ્યો છે. મેદાનમાંથી રસોઈની સુગંધ આવે છે. પેટમાં ગુડગુડ થાય છે. ભૂખને કારણે ભણવામાં પણ ધ્યાન નથી.

ટન ... ટન ... ટન .... ઘંટ વાગ્યો. બધાં બાળકો હાથ ધોવા દોડ્યાં. હાથ ધોયા પછી અમે હરોળમાં જમવા બેઠાં. શાળામાંથી જ દરેકને થાળી અપાઈ. જમતાં પહેલાં અમે બધાએ સાથે ગાયું -



''સાથે રમીએ

સાથે જમીએ

સાથે કરીએ સારાં કામ

કાયમ રહેજો આપણી સાથે

ઘટ ઘટ વસતા શ્રીભગવાન.''

આજે જમવામાં ચણા ચાટ, થેપલાં અને સૂકીભાજી છે. ગઈકાલે, અમે સુખડી અને વેજિટેબલ ખીચડી જમ્યાં હતાં. શાળાના રસોડાની બહાર રોજના ભોજનની યાદી મૂકેલી છે. તે અમને અઠવાડિયાનાં જુદા જુદા દિવસે શું મળશે તે બતાવે છે. જ્યારે અમને તિથિભોજનમાં મીઠાઈ મળે ત્યારે ખૂબ જ મજા પડે !

શાળામાં મધ્યાહ્ન ભોજન સમયની એક બીજી રસપ્રદ વાત છે. દરરોજ હરોળમાં અમે અમારી જગ્યા બદલીએ અને એક નવા બાળક સાથે બેસીએ. મને તે ગમે છે કારણ કે, હું નવાં બાળકોને મળું છું અને નવા મિત્રો બનાવું છું.

અમારા શિક્ષક કાળજી રાખે છે કે બધાંને તાજું (fresh-ફ્રેશ) અને ગરમ ભોજન મળે. વાલીઓ પણ તિથિભોજન આપી તેમાં મદદ કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હવે બધી વસ્તુઓ સારી છે. અમે તાજું, ગરમ અને પકવેલું ભોજન સાથે જમીએ છીએ. બધાં બાળકો ભોજન પૂરું કરે અને તેનો બગાડ ન થાય તેની અમે કાળજી રાખીએ છીએ.

સાથે જમવાની ખૂબ જ મજા આવે છે. ક્યારેક કોઈ ઘરેથી જમ્યા વગર આવે તો અહીં ધરાઈને જમે પણ. સાવ ભૂખ્યા પેટે તમને ભણવું ગમે ? અનુમાન કરો.

### શોધી કાઢો અને નોટબુકમાં લખો :

તમારી શાળામાં અપાતા ભોજન વિશે લખો.

- ભોજન કયા સમયે આપવામાં આવે છે ?
- શાળામાં તમને ભોજનમાં શું મળે છે ?
- તમને જે મધ્યાહ્ન ભોજન મળે છે તે પસંદ છે ?
- તમને જે ભોજન મળે છે તે પૂરતું છે ?
- તમે તમારી પોતાની થાળી લાવો છો કે શાળામાંથી મળે છે ?
- ભોજન કોણ પીરસે છે ?
- તમારા શિક્ષક તમારી સાથે જમે છે ?
- શાળામાં બૉર્ડ પર અઠવાડિક ભોજનની યાદી મૂકી છે ?
- તમને બુધવારે અને શુક્રવારે શું મળે છે ?
- જો તમને તમારી શાળાના ભોજનની યાદીમાં ફેરફાર કરવાનું કહેવામાં આવે, તો તમે શું બદલવા માંગો છો ? તમે જમવામાં શું પસંદ કરશો ? તમારી પોતાની યાદી બનાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સાથે જમીએ

| દિવસ | ભોજન |
|---|---|
| સોમવાર | |
| બુધવાર | |
| શુક્રવાર | |

**મધ્યાહ્ન ભોજન**
**દરેક બાળકનો હક**

આપણા દેશમાં ઘણાં બાળકો એવાં છે કે જેમને પૂરતું જમવાનું મળતું નથી. શાળામાં પણ ભૂખ્યાં આવે છે.

આપણા દેશની સર્વોચ્ચ અદાલતે હુકમ કર્યો છે કે પ્રાથમિક શાળામાં ભણતાં બધાં બાળકોને ગરમ, પકવેલું ભોજન મળવું જોઈએ. આ દરેક બાળકનો હક છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in